એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

તારીખ અને વાર : શુક્રવાર, ૯ ઓક્ટોબર ૨૦૨૦

સમય : સાંજે ૪-૦૦ કલાકે

સ્થળ : ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી
આશ્રમરોડ
અમદાવાદ


## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,
પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨
ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪
ઈ-મેઈલ : gcci@gujaratchamber.org
વેબસાઈટ : www.gujaratchamber.org

૫ ઓક્ટોબર, ૨૦૨૦

પ્રતિ,
કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા શુક્રવાર તા. ૯-૧૦-૨૦૨૦ના રોજ સાંજે ૪-૦૦ કલાકે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી નીચેના કામકાજ માટે મળશે.

**: એજન્ડા :**

| I | આઇટેમ | મીનીટ્સ અને એક્શન ટેકન રીપોર્ટ | પાના નં. |
|---|---|---|---|
| | ૧. | તા. ૧૮-૯-૨૦૨૦ના રોજ મળેલી કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજુર કરવા | ૧ થી ૧૮ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | ૨. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો | |
| | | ૨.૧ અગત્યના પ્રસંગો | ૯ |
| | | ૨.૨ ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો | ૯ |
| | | ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ | ૧૦ |
| | | ૨.૪ સ્ક્રુટિની સમિતિનો રીપોર્ટ | ૧૦ |
| | | ૨.૫ ચેમ્બર દ્વારા આપવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન અને વીઝા લેટર્સ અંગેની વિગત | ૧૧ |
| | | ૨.૬ ચેમ્બર દ્વારા વર્ષ-૨૦૨૦-૨૧ માટે નવા કો-ઓપ્ટ અને આમંત્રિત (ઇન્વાયટી) અને સ્પેશિયલ ઇન્વાયટી સભ્યો તેમજ નવી રચાયેલ વિવિધ કમિટિઓ અને ટાસ્ક ફોર્સની વિગત | ૧૧ |
| | | ૨.૭ ચેમ્બર દ્વારા રચાયેલ થીંક ટેન્ક વિષે માહિતી | ૧૧ |
| | | ૨.૮ GCCIના નામ તેમજ લોગોની પોલીસી અને વોટ્સ-એપ ગ્રુપની પોલીસી અંગે ચર્ચા | ૧૧ |
| | ૩. | સલાહકારી સમિતિના અહેવાલો | |
| | | ૩.૧ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી | ૧૧ |
| III | | ચર્ચા અને મંજુરી માટે | ૧૧ |
| | ૪. | i-HUB સાથે GCCIના MOU બાબતે ચર્ચા | ૧૧ |
| | ૫. | તા.૭-૧૦-૨૦૨૦ સુધીની સમય મર્યાદામાં સભ્યો તરફથી મળેલ વેપાર-ઉદ્યોગને લગતા સૂચનો અંગે ચર્ચા-વિચારણા | ૧૧ |
| | ૬. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | ૧૧ |
| | ૭. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં અચૂક ઉપસ્થિત રહેવા વિનંતી છે.

આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા હવે આ સાથે સામેલ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

યોગેન્દ્ર ત્રિવેદી
*સેક્રેટરી જનરલ*

**આઇટેમ નં.૧**

## કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

મિટિંગ નં. : ૧/૨૦૨૦-૨૧
તારીખ : ૧૮-૯-૨૦૨૦
સ્થળ : એ. એચ. હોલ
પ્રમુખ : શ્રી નટુભાઇ પટેલ

**નીચે મુજબ સભ્યો આ મિટિંગમાં ઉપસ્થિત રહ્યા હતા.**

૧. શ્રી નટુભાઇ પટેલ
૨. શ્રી હેમંત શાહ
૩. શ્રી કે. આઇ. પટેલ
૪. શ્રી પથિક પટવારી
૫. શ્રી વી. પી. વૈષ્ણવ
૬. શ્રી સચિન કે. પટેલ
૭. શ્રી દુર્ગેશ બુચ
૮. શ્રી દિલીપ પાઘ્યા
૯. શ્રી ભાર્ગવ ઠક્કર
૧૦. શ્રી ત્રિલોક પરીખ
૧૧. શ્રી પ્રતાપ ચંદન
૧૨. શ્રી ભાવેશ લાખાણી
૧૩. શ્રી પ્રફુલ્લ તલસાણીયા
૧૪. શ્રી નિલેશ દેસાઇ
૧૫. શ્રી ભુપેન્દ્ર સી. પટેલ
૧૬. શ્રી યોગેશ પરીખ
૧૭. શ્રી અશોકભાઇ પટેલ
૧૮. શ્રી અંકિત પટેલ
૧૯. શ્રી મિહીર વી. પટેલ
૨૦. શ્રી કિરીટ એન. પટેલ
૨૧. શ્રી અનિલ એમ. જૈન
૨૨. શ્રી અજય ડી. પટેલ
૨૩. શ્રી ગૌરાંગ ભગત
૨૪. શ્રી અપૂર્વ કે. શાહ
૨૫. શ્રી મહેશ એચ. પુજ
૨૬. શ્રી અંબર જે. પટેલ
૨૭. શ્રી સુનિલ વડોદરીયા
૨૮. શ્રી ઉદિત દિવેટીયા
૨૯. શ્રી હિતેન વસંત
૩૦. શ્રી સૌરીન પરીખ
૩૧. શ્રી નિલેશ શુક્લ
૩૨. શ્રી યોગેશ શ્રીધર
૩૩. શ્રી પ્રકાશ વરમોરા
૩૪. શ્રી હરગોવિંદ સિંહ રાજપુત
૩૫. શ્રી દિનેશ નાવડીયા
૩૬. શ્રી શૈશવ શાહ
૩૭. શ્રી જીગીશ એન. દોશી
૩૮. શ્રી વિરાંચી શાહ
૩૯. શ્રી કનુભાઇ સી. પટેલ
૪૦. શ્રી પ્રવિણ કોટક
૪૧. શ્રી મદનલાલ જયસવાલ

- પ્રમુખશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા.
- પ્રમુખશ્રી નટુભાઇ પટેલે જણાવ્યું હતું કે ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રી રોહિત સી. મહેતાનું તા.૧૭-૯-૨૦૨૦ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમને શોક પ્રસ્તાવ મોકલી આપવામાં આવ્યો છે.
- સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપવા બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું હતું.

**એજન્ડા :**

**આઇટેમ નં. ૧**

- પ્રમુખશ્રીએ તા. ૧૮-૮-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) જે અગાઉથી સૌને મોકલી આપેલ હતી તેને સર્વાનુમતે મંજુર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.

- સભામાં ઉપસ્થિત સભ્યો તા.૧૮-૮-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

**આથી તા. ૧૮-૮-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.**

**આઇટેમ નં. ૨**

૨.૪

- ચેમ્બર તરફથી ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીનની માહિતી આપતા શ્રી પથિક પટવારીએ જણાવ્યું હતું કે જુલાઇ માસમાં ૩૬૩૩ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન ઇસ્યુ કરવામાં આવ્યા હતા જ્યારે ઓગષ્ટ માસમાં ૩૦૬૦ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન ઇસ્યુ કરવામાં આવ્યા હતા.
- સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૪**

- ગુજરાત ચેમ્બરના બંધારણના નિયમ-૩૫(જી) અનુસાર ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે ચેમ્બરના માનદ્-મંત્રી તથા માનદ્-મંત્રી (રીજનલ) તેમજ માનદ્-ખજાનચીની નિમણૂંક કરવાના અનુસંધાને પ્રમુખશ્રીએ સમિતિના સભ્યો સમક્ષ રજૂઆત કરી હતી.
- માનદ્-મંત્રી તરીકે શ્રી પથિક પટવારીના નામની દરખાસ્ત શ્રી નિલેશ દેસાઇએ કરી હતી જેને શ્રી ભાર્ગવ ઠક્કરે ટેકો આપ્યો હતો. બીજી કોઇ નામની દરખાસ્ત આવી નહીં હોવાથી માનદ્-મંત્રી તરીકે શ્રી પથિક પટવારીને સર્વાનુમતે બિનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.
- માનદ્-મંત્રી (રીજનલ) તરીકે શ્રી વી. પી. વૈષ્ણવના નામની શ્રી પ્રકાશ વરમોરાએ દરખાસ્ત કરી હતી. જેને પ્રફુલ્લ તલસાણીયાએ ટેકો આપ્યો હતો. બીજા કોઇ નામની દરખાસ્ત આવી નહીં હોવાથી માનદ્-મંત્રી (રીજનલ) તરીકે શ્રી વી. પી. વૈષ્ણવને સર્વાનુમતે બિનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.
- માનદ્-ખજાનચી તરીકે શ્રી સચિન કે. પટેલના નામની દરખાસ્ત શ્રી યોગેશ શ્રીધરે કરી હતી જેને શ્રી પ્રતાપ ચંદને ટેકો આપ્યો હતો. બીજા કોઇ નામની દરખાસ્ત આવી નહીં હોવાથી માનદ્-ખજાનચી તરીકે શ્રી સચિન કે. પટેલને સર્વાનુમતે બિનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.
- પ્રમુખશ્રીએ તથા સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ શ્રી પથિક પટવારી, શ્રી વી.પી. વૈષ્ણવ તથા શ્રી સચિન કે.પટેલની વરણીને સર્વાનુમતે બહાલી આપી હતી અને અભિનંદન પાઠવ્યા હતા.

**આઇટેમ નં. ૫**

- બંધારણના નિયમ-૭(બી) મુજબ સ્ક્રુટિની સમિતિની રચના કરવા બાબતે સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી. ચર્ચાને અંતે નીચે મુજબ સ્ક્રુટિની સમિતિની રચના કરવામાં આવી હતી.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી રૂપેશ શાહ | - | પૂર્વ પ્રમુખશ્રી |
| ૨. | શ્રીમતી મીના કાવીયા | - | કારોબારી સમિતિના ચૂંટાયેલા સભ્ય |
| ૩. | શ્રી નિલેશ દેસાઇ | - | કારોબારી સમિતિના ચૂંટાયેલા સભ્ય |
| ૪. | શ્રી પ્રફુલ્લ તલસાણીયા | - | કારોબારી સમિતિના ચૂંટાયેલા સભ્ય |
| ૫. | શ્રી અનિલ સંઘવી | - | કારોબારી સમિતિના ચૂંટાયેલા સભ્ય |
| ૬. | શ્રી મીહિર પટેલ | - | કારોબારી સમિતિના ચૂંટાયેલા સભ્ય |
| ૭. | શ્રી અંબરભાઇ પટેલ | - | બિઝનેસ એસોસીયેશન અથવા ચેમ્બરના પ્રતિનિધિ |
| ૮. | શ્રી પથિક પટવારી | - | માનદ્-મંત્રી (હોદ્દાની રૂઇએ) |
| ૯. | શ્રી યોગેન્દ્રકુમાર ત્રિવેદી | - | સેક્રેટરી જનરલ/ ડે. સેક્રેટરી જનરલ |

- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સ્ક્રુટિની સમિતિની રચના અને સભ્યોની નિમણૂંકને સર્વાનુમતે મંજુરી આપી બહાલી આપી હતી.

**<u>આઇટેમ નં. ૬</u>**

- ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની બંધારણની કલમ-૩૯ મુજબ બેન્ક ખાતા ઓપરેટ કરવા અંગે બંધારણની જોગવાઇ અનુસાર કરવામાં આવે છે. તેમ જણાવી પ્રમુખશ્રીએ સમિતિના સભ્યો સમક્ષ રજૂઆત કરી હતી. સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સર્વાનુમતે મંજુર કરી નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

**<u>ઠરાવ નં. ૨</u>**

બેન્કોમાં ચેમ્બરના સેવિંગ્સ તથા ચાલુ ખાતાઓ ઓપરેટ કરવા માટે બંધારણની કલમ-૩૯ મુજબ પ્રમુખ અને સિનિયર ઉપ-પ્રમુખ તેમજ ઉપ-પ્રમુખ ત્રણમાંથી કોઇ પણ એક અને બે માનદ્-મંત્રી તથા માનદ્-ખજાનચીમાંથી કોઇ પણ એકની સાથે સેક્રેટરી જનરલ અથવા સી.ઇ.ઓ.ની કાઉન્ટર સહીથી ઓપરેટ થઇ શકે તેવી જોગવાઇ છે તે મુજબ નીચેના હોદ્દેદારો આ ખાતા ઓપરેટ કરી શકશે તેવું નક્કી કરવામાં આવ્યું.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી નટુભાઇ એમ. પટેલ | - | પ્રમુખ |
| ૨. | શ્રી હેમંત એન. શાહ | - | સિનિ. ઉપ-પ્રમુખ |
| ૩. | શ્રી કે. આઇ. પટેલ | - | ઉપ-પ્રમુખ |
| ૪. | શ્રી પથિક પટવારી | - | માનદ્-મંત્રી |
| ૫. | શ્રી વી. પી. વૈષ્ણવ | - | માનદ્-મંત્રી(રીજીયોનલ) |
| ૬. | શ્રી સચિન કે. પટેલ | - | માનદ્-ખજાનચી |
| ૭. | શ્રી યોગેન્દ્રકુમાર ત્રિવેદી | - | સેક્રેટરી જનરલ |

આ ઉપરાંત ચેમ્બરની સ્ટાફ સેલેરી, સ્ટેટ અને સેન્ટ્રલ ગવર્મેન્ટની આપવાની થતી રકમો જેમ કે ઇન્કમટેક્ષ, જીએસટી, પ્રોફેશનલ ટેક્ષ, મ્યુનિ. ટેક્ષ, પ્રોવિડન્ટ ફંડ, ટેલીફોન અને ઇલેક્ટ્રીસીટી બીલ વગેરે ચેકમાં માનદ્-મંત્રી અથવા માનદ્-મંત્રી(રીજીયોનલ) અથવા માનદ્-ખજાનચી ત્રણમાંથી એક અને સેક્રેટરી જનરલ અથવા સી.ઇ.ઓ.ની સહીથી કાર્યવાહી કરી શકાશે તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

It is hereby resolved that until further instructions:

1. The transactions with the Bank accounts of the Gujarat Chamber of Commerce & Industry shall be drawn and these accounts will normally be operated by the following Office Bearers of this Chamber in terms of Article 39 of the constitution of the Chamber.

| | |
|---|---|
| ( a ) Shri Natubhai Patel | President |
| ( b ) Shri Hemant N. Shah | Sr. Vice President |
| ( c ) Shri K. I. Patel | Vice President |
| ( d ) Shri Pathik Parwari | Hon. Secretary |
| ( e ) Shri V. P. Vaishnav | Hon. Secretary (Regional) |
| ( f ) Shri Sachin K. Patel | Hon. Treasurer |
| ( g ) Shri Yogendrakumar Trivedi | Secretary General (Counter Sign) |

2. All transactions shall be operated by following three signatories.
   a) President or Sr. Vice President or Vice President [Any One].
   b) Hon. Secretary (Local) or Hon. Secretary (Regional) or Hon. Treasurer. [Any One].
   c) Counter signed by the Secretary General

   Further resolved that Hon. Secretary or Hon. Secretary (Regional) or Treasurer and Secretary General or CEO be authorized to sign in respect of payment of GCCI Staff Salary, State and Central Govt. dues (Income Tax, GST, Professional Tax, Municipal Tax, Provident Fund, Telephone & Electricity bill).

3. Further resolved that Secretary General is authorized in respect of payment upto Rs. 10000/-.
4. The Bank(s) concerned be informed by Secretary General accordingly and to note that the previous instruction in this behalf would now be treated as cancelled.

**<u>આઇટેમ નં. ૭</u>**

- બંધારણના નિયમ-૨૫ મુજબ કો-ઓપ્ટ અને આમંત્રિત સભ્યો નક્કી કરવા બાબતે પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ નક્કી કરવાની સત્તા કારોબારી સમિતિને છે. આ અંગે ચર્ચા કરી નક્કી કરવા માટે જરૂરી સમય મળી રહે તે માટે ચેમ્બરના હોદ્દેદારોને સત્તા આપવા પ્રમુખશ્રીએ વિનંતી કરી હતી.
- સભામાં ઉપસ્થિત સૌ સભ્યોએ કો-ઓપ્ટ અને આમંત્રિત સભ્યોને નક્કી કરવાની સત્તા સર્વાનુમતે ચેમ્બરના હોદ્દેદારોને આપી હતી.

**આઇટેમ નં. ૮**

- બંધારણના નિયમ-૨૬(૭) મુજબ કમિટિઓની રચના કરવાની સત્તા કારોબારી સમિતિને છે. આ અંગે ચર્ચાકરી નક્કી કરવા માટે જરૂરી સમય મળી રહે તે માટે ચેમ્બરના હોદ્દેદારોને સત્તા આપવા પ્રમુખશ્રીએ વિનંતી કરી હતી.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ કમિટિઓની રચના, તેના ચેરમેન તથા કો-ચેરમેનની નિમણૂંક કરવાની સત્તા ચેમ્બરના હોદ્દેદારોને આપી હતી.

**આઇટેમ નં. ૯**

**પ્રમુખસ્થાનેથી**

(૧) પ્રમુખશ્રીએ ચેમ્બરમાં છેલ્લા ૧૦ વર્ષથી કાર્યરત શ્રી હસમુખભાઇ હિંગુના નિવૃત્ત થયાની જાણ સમિતિના સભ્યોને કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે તેમના કાર્યસમયમાં ઘણાં કપરા સંજોગો પણ આવ્યા તેમાં પણ તેમણે કુશળતાપૂર્વક વહીવટ કર્યો હતો. પ્રમુખશ્રીએ તેમને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી અને તેમણે કરેલ કાર્યવાહી માટે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી હસમુખભાઇ હિંગુએ સંબોધન કર્યું હતું અને સર્વેનો આભાર માન્યો હતો.

(૨) પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે તા.૧૯-૬-૨૦૨૦ની કારોબારી સમિતિની મિટિંગમાં ઠરાવ થયા મુજબ જે સભ્યો તા.૩૧ મી મે સુધી રીન્યુઅલ ફી ભરી શક્યા નથી તેવા સભ્યોની ૧ રૂપિયો (ટોકન) દાખલ ફી લઇને તેમજ તેમની ભરવાની થતી વાર્ષિક ફી લઇને નવા સભ્ય બનાવવા અંગેનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો. વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આજની કારોબારી સમિતિમાં આવા સભ્યોએ નવા સભ્યપદના ફોર્મ સાથે જે પુરાવા આપવાના થતા હોય છે તે તમામ પુરાવા જો અગાઉ ચેમ્બરમાં આપવામાં આવ્યા હોય તો તેને ગણતરીમાં લેવા જોઇએ. આમાં કોઇ ફેરફાર કે ખૂટતા પુરાવા હોય તો તે અલગથી લેવા જોઇએ. આ અંગે મંજુરી માટે  સભા સમક્ષ રજૂઆત કરી હતી.

- આ માટેની છેલ્લી તારીખ રાખવા અંગે ચર્ચા કરવામાં આવી હતી અને તા.૩૧-૩-૨૦૨૧ છેલ્લી તારીખ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સર્વાનુમતે મંજુરી આપી નીચે મુજબનો ઠરાવ કર્યો હતો.

**ઠરાવ નં. ૩**

જે સભ્યો તા.૩૧મી મે, ૨૦૨૦ સુધી રીન્યુઅલ ફી ભરી શક્યા નથી તેવા સભ્યોના નવા સભ્યપદ માટેના ફોર્મ સાથે જે પુરાવા આપવાના થતા હોય તે તમામ પુરાવા જો ચેમ્બરમાં આપવામાં આવ્યા હોય તો તેને ગણતરીમાં લેવા. આમાં કોઇ ફેરફાર હોય તો કે ખુટતા પુરાવા હોય તો તે અલગ લેવા જોઇએ અને આની છેલ્લી તારીખ ૩૧-૩-૨૦૨૧ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

(૩) પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે GCCIનું ADRC સેન્ટર જે હાલમાં સેલરમાં કાર્યરત છે તેમાં વરસાદના સમયમાં પાણી ભરાય છે અને ત્યાં કામ કરવું મુશ્કેલ બને છે. GCCI-ADRC સેન્ટરની આવક નોંધપાત્ર છે. આ સંજોગોને ધ્યાનમાં લઇને ચેમ્બરની પ્રિમાઇસીસમાં આવેલ જે પહેલો ઓસ્ટ્રેલિયા VFS ને ભાડે આપેલ તે જગ્યા હાલ ખાલી છે તેમાં રીનોવેશન કરાવી ADRC

સેન્ટર ત્યાં શીફ્ટ કરવાની વાત છે. આ જગ્યાની રીનોવેશનની મંજુરી માટે સમિતિમાં રજૂઆત કરી હતી.

➢ સભામાં ઉપસ્થિત સભ્યોએ આ બાબતની સર્વાનુમતે મંજુરી આપી યોગ્ય કાર્યવાહી કરવાની સત્તા હોદ્દેદારોને આપી હતી.

(૪) પ્રમુખશ્રીએ ૨૦૨૦-૨૧ના વર્ષ માટે Think Tank શરુ કરવા માટે સમિતિના સભ્યોને રજૂઆત કરી હતી. વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે વેપાર-ઉદ્યોગના પ્રશ્નોની સચોટ રજૂઆત માટે રીસર્ચ ડેટા તૈયાર કરવો, આગામી ૧૦ વર્ષની વેપાર-ઉદ્યોગની સ્થિતિ વિષે રીસર્ચ કરવું વિગેરે બાબતો માટે ટ્રેડ અને ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા અને અનુભવી એવા IAS ઓફીસર અને નામાંકિત વ્યક્તિઓનો આમાં સમાવેશ કરવામાં આવશે. આ અંગે તમામ બાબતો નક્કી થયા બાદ વિગતો સાથે કારોબારી સમિતિના સભ્યોને જાણ કરવામાં આવશે.

➢ સભામાં ઉપસ્થિત સભ્યોએ આની સર્વાનુમતે મંજુરી આપી હતી.

(૫) પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બરની વહીવટી સરળતા માટે ચેમ્બરના બંધારણમાં અમુક સુધારા જરૂરી છે. આ ઉપરાંત ટેકનીકલ કારણોસર પણ અમુક સુધારા અનિવાર્ય બને છે. આ બાબતને ધ્યાનમાં લઇને બંધારણ સમિતિની રચના કરવાની સત્તા ચેમ્બરના હોદ્દેદારોને આપવા પ્રમુખશ્રીએ વિનંતી કરી હતી.

➢ સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સર્વાનુમતે આની મંજુરી આપી હતી.

(૬) પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ઋતુ દેસાઇ, સેક્રેટરી જનરલના ગયા પછી તન્મયભાઇને સેક્રેટરી જનરલ તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો. તેમને આ વધારાની જવાબદારી સોંપવાથી તેઓના ખરા Expertise નો ઉપયોગ થઇ શકતો નથી. આ ઉપરાંત ચેમ્બરમાં COO તરીકે શ્રી યોગેન્દ્રકુમાર ત્રિવેદીની નિમણૂંક કરવામાં આવી હતી. તેઓએ આ પ્રકારની જવાબદારી સારી રીતે સંભાળી લીધી છે. આ બાબતને ધ્યાનમાં લઇને ગત વર્ષના હોદ્દેદારો તથા આ વર્ષના સિનિયર ઉપ-પ્રમુખ અને ઉપ-પ્રમુખ જોડે ચર્ચા કરતા એવું લાગે છે કે શ્રી યોગેન્દ્રભાઇ ત્રિવેદીને સેક્રેટરી જનરલ તરીકે જવાબદારી સોંપવી જોઇએ અને શ્રી તન્મયભાઇને એડીશનલ સેક્રેટરી જનરલ તરીકે પ્રમોશન આપવું જોઇએ. આ બાબતની મંજુરી માટે સમિતિ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

➢ સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સર્વાનુમતે આની મંજુરી આપી હતી.

(૭) શ્રી ભાવેશ લાખાણીએ સોલરના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ આ પ્રશ્ન લેખિતમાં ચેમ્બરમાં મોકલી આપવા સૂચન કર્યું હતું.

(૮) પ્રમુખશ્રી નટુભાઇએ જણાવ્યું હતું કે છેલ્લા ૬ માસથી ચેમ્બરના સભ્ય મીસ રૂઝાન ખંભાતાનો પ્રશ્ન આવેલો છે તેના ઉપર થયેલ કાર્યવાહી અને તેની તમામ વિગતો જણાવવા હું શ્રી યોગેન્દ્રભાઇ ત્રિવેદીને વિનંતી કરું છું.

➢ શ્રી યોગેન્દ્રભાઇએ જણાવ્યું હતું કે માનનીય સભ્ય સુશ્રી રૂઝાન ખંભાતા દ્વારા તા.૧-૭-૨૦૧૯ના રોજ રજૂઆત કરવામાં આવી હતી કે સુશ્રી સ્નેહલ બત્રા દ્વારા ભ્રમ અને છેતરપીંડી કરી GCCIના નામનો દુરુપયોગ કર્યો છે. રજૂઆતમાં જણાવેલ કે તા.૧૫-૬-૨૦૧૯ના રોજ DNA સમાચારપત્રમાં ફોટા સાથે પ્રકાશિત કરવામાં આવ્યું હતું કે તેમનો

"Women Achiever of the Year International 2018-19 Award" GCCI દ્વારા આયોજીત તા.૧૦-૫-૨૦૧૯ના કાર્યક્રમમાં આપવામાં આવ્યો હતો. એવોર્ડના મેમેન્ટો પર GCCIનો લોગો અને "Women Achiever of the Year International 2018-19 સ્નેહલ બત્રા, ESQ NPZ Law Group" સ્પષ્ટ વંચાય છે. તપાસ કરતાં માલૂમ પડયું હતું કે આવા કોઇ કાર્યક્રમનું આયોજન થયું ન હતું. આવો કોઇ એવોર્ડ આપવામાં આવ્યો નથી.

- આ રજૂઆતના આધારે તા.૧૦-૧૦-૨૦૧૯નો GCCIના સેક્રેટરી જનરલે સુશ્રી સ્નેહલ બત્રાને પત્ર લખી આ અંગે ખુલાસો માંગ્યો હતો તથા સુશ્રી રૂઝાન ખંભાતાના પત્ર તા.૧-૭-૨૦૧૯ દ્વારા પુછાયેલા પ્રશ્નોના જવાબ માંગ્યા હતા.
- તા.૨૩-૧૦-૨૦૧૯ના રોજ ઇ-મેઇલ દ્વારા સુશ્રી સ્નેહલ બત્રાએ જણાવ્યું હતું કે તેણી તા.૧૦-૫-૨૦૧૯ ના રોજ હાજર ન હતી, અને તેને આવો કોઇ એવોર્ડ મળ્યો નથી કે નથી તેણે કોઇ નિવેદન આપ્યું. ત્યારબાદ, તા.૨૭-૧૧-૨૦૧૯ના રોજ લીગલ નોટીસ સુશ્રી સ્નેહલ બત્રાને પાઠવી હતી જેમાં તેમની સામે I.P.C.અંતર્ગત GCCIનું નામ ખોટી રીતે સાંકળી તેની ઇમેજ બગાડવા બદલ બદનક્ષીનો દાવો કેમ ન કરવો જોઇએ તેના કારણ દર્શાવવા જણાવ્યું હતું. આનો કોઇ પ્રત્યુત્તરમળેલ નથી.
- સુશ્રી રૂઝાન ખંભાતા દ્વારા વખતો વખત આગળ પગલાં લેવા રજૂઆતો થતી રહી છે.
- GCCI-ADRC ના પ્રવર્તમાન અધ્યક્ષ તથા વિદ્વાન વકીલના મત પ્રમાણે ક્રીમીનલ દાવો કરવાથી પણ સમય, નાણાં અને શક્તિનો વ્યય કરવા સિવાય કોઇ અન્ય લાભ નથી. GCCI માટે આવી કોઇ હાલમાં જરૂરિયાત નથી કારણ કે સમય ઘણો વહી ગયો છે અને વાર્તા વિસરાઇ ગઇ છે.
- એમના મત પ્રમાણે આ પ્રકરણ બંધ કરવું જોઇએ. કારોબારી સમિતિના માનનીય સભ્યો આ વિષે ચર્ચા કરે અને યોગ્ય નિર્ણય લે તેવી વિનંતી કરી હતી.
- સભામાં ઉપસ્થિત સભ્યોએ સર્વાનુમતે આ પ્રકરણ બંધ કરવા આગળની કાર્યવાહી ન કરી ફાઇલ કરવા મંજુરી આપી હતી.

(૯) શ્રી હેમંતભાઇએ COVID-19 ના સમયમાં ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અને ચેમ્બરની ચૂંટણીનું સંચાલન ખુબજ સુંદર રીતે કરવામાં આવ્યું તેની પ્રસંશા કરી હતી.

(૧૦) સિનિ. ઉપ-પ્રમુખ શ્રી હેમંત શાહે જણાવ્યું હતું કે છેલ્લાં ઘણા સમયથી ગુજરાત ચેમ્બરની ચૂંટણીના આયોજન સમયે અથવા તો કોઇ પ્રશ્ન ઉભા થાય ત્યારે ચેમ્બરના અમુક સભ્યો જાહેર ક્ષેત્રમાં, પ્રેસ-મીડીયામાં એવા નિવેદનો આપતા હોય છે જેનાથી ગુજરાત ચેમ્બરની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે. આવી બાબતો માટે ચેમ્બરના બંધારણમાં પ્રોવીઝન આપવામાં આવ્યું છે. આમ છતાં ચેમ્બરના હિતને નુકશાન કરતા નિવેદનો કરતા હોય છે તો આ માટે ભવિષ્યમાં એવું ના થાય તે બાબતે શું કરવું જોઇએ તે બાબતે ચર્ચા કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી. આ બાબત ઉપર ખુલ્લા દિલે ચર્ચા કરી દરેક સભ્યો પોતાના મંતવ્યો વ્યક્ત કરે અને કારોબારી સમિતિ નિર્ણય કરે તેમ જણાવ્યું હતું.

- ચર્ચાના અંતે આ પ્રકારનું વર્તન ભવિષ્યમાં ના થાય તે જોવા સૌની ફરજ છે તેમ નક્કી કરવામાં આવ્યું હતું.

➢ ચેમ્બરની ગરિમા સભ્યોની સારી વાણી અને સારા વર્તનથી હંમેશા વધતી હોય છે અને તેની સામુહિક જવાબદારી દરેક સભ્યોની છે. માટે દરેક સભ્યોએ મ્યુચ્યુઅલ અંડરસ્ટેન્ડિંગ રાખવું જોઇએ તેમ પણ નક્કી કરવામાં આવ્યું.

(૧૧) ચેમ્બરના રીજનલ સભ્યો આ વર્ષે વધારવાનો પ્રયત્ન કરવામાં આવશે.

(૧૨) સરકાર દ્વારા ફાળવવામાં આવેલ જમીન ટોકન ફી થી મેળવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માની મિટિંગ પુરી થયેલી જાહેર કરી હતી.

**યોગેન્દ્રકુમાર ત્રિવેદી**
***સેક્રેટરી જનરલ***

**નટુભાઇ પટેલ**
***પ્રમુખ***

**આઇટેમ નં. ૨**

**૨.૧ અગત્યના પ્રસંગો (૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૦ થી ૫ ઓક્ટોબર, ૨૦૨૦ દરમ્યાન) :**

| | | | |
|---|---|---|---|
| ગુરુવાર | તા. ૨૪-૯-૨૦૨૦ | સાંજે ૪-૦૦ કલાકે | GCCI ના પૂર્વ પ્રમુખો સાથે હોદ્દેદારોની મિટિંગ. |
| મંગળવાર | તા. ૨૮-૯-૨૦૨૦ | બપોરે ૨-૦૦ કલાકે | GCCIના હોદ્દેદારોની અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાથે મિટિંગ. |
| મંગળવાર | તા. ૨૯-૯-૨૦૨૦ | સાંજે ૪-૦૦ કલાકે | હેલ્થ અને ફેમીલી વેલ્ફેર ડીપાર્ટમેન્ટ, ગુજરાત સરકારના અગ્ર સચિવ ડો. જયંતિ રવિ સાથે GCCIના હોદ્દેદારોની ઓનલાઇન મિટિંગ. |
| ગુરુવાર | તા. ૧-૧૦-૨૦૨૦ | | GCCIના હોદ્દેદારોની અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાથે મિટિંગ. |
| ગુરુવાર | તા. ૧-૧૦-૨૦૨૦ | સાંજે ૬-૦૦ કલાકે | ગુજરાત ચેમ્બર અને ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડિયા ના સંયુક્ત ઉપક્રમે "Economic Model of Self Reliant India" વિષય પર યોજવામાં આવેલ વેબિનાર. |
| શનિવાર | તા. ૩-૧૦-૨૦૨૦ | બપોરે ૧૨-૦૦ કલાકે | Student Startup and Innovation Policy (SSIP) ની પોલીસી ઇમ્પ્લીમેન્ટેશન કમિટિની યોજવામાં આવેલ આંઠમી મિટિંગ. |
| શનિવાર | તા. ૩-૧૦-૨૦૨૦ | સવારે ૧૧-૦૦ કલાકે | "Scaling Up Business & Profits for Indian Companies Protecting Intellectual Property" વિષય ઉપર યોજવામાં આવેલ મિટિંગ. |
| સોમવાર | ૫-૧૦-૨૦૨૦ | સવારે ૧૧-30 કલાકે | ગુજરાત ચેમ્બરના હોદ્દેદારોની અમદાવાદના કલેક્ટરશ્રી સાથેની શુભેચ્છા મુલાકાત. |

**૨.૨ ચેમ્બરની રજૂઆતો**

- સંસ્થા/ખાનગી માલીકીની ખેડૂતોની જમીનો હડપ કરનાર ભૂ-માફીયાઓના નિયંત્રણ અંગે લેન્ડગ્રેબીંગ અંગેનો વહુકમ (ordinance) બહાર પાડવા બાબતે માનનીય મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલને પાઠવેલ રજૂઆત (તા. ૧૪-૯-૨૦૨૦)
- ગુજરાત લે.રે. રૂલ્સ, ૧૯૭૨ માં સુધારો કરી, તકરારી કેસોમાં નાયબ કલેક્ટર પ્રાન્તને સત્તા આપવાના નિયમોમાં ફેરફાર કરવા તેમજ "Ease of Doing Business" ના ભાગરૂપે ખેતીની જમીન ટ્રસ્ટ, શૈક્ષણિક સંસ્થાઓ ખરીદી શકે તે અંગે માનનીય મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલ અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ રજૂઆત (તા. ૧૪-૯-૨૦૨૦)
- ગોઝારીયા જી.આઇ.ડી.સી. ઇન્ડસ્ટ્રીઝ એસોસીયેશનને તેમના ક્રીટીકલ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ માટે પાછળથી વધારાના ૧૦% લાભાર્થી ફાળાની માંગણી બાબતે જી.આઇ.ડી.સી.ના મેનેજીંગ ડીરેક્ટર શ્રી એમ. થેનારસનને પાઠવેલ રજૂઆત. (તા.૨૨-૯-૨૦૨૦)

- જી.આઇ.ડી.સી. સાયખા, ભરુચ ખાતે પ્લોટ નં.ડીપી-૬૩ માટે એકમ સંપૂર્ણ રકમ ભરપાઇ કરવા છતાં પઝેશન ન આપીને નોન-યુટીલાઇઝેશન અંગેની ડીમાન્ડ નોટીસ આપવા બાબતે જી.આઇ.ડી.સી.ના મેનેજીંગ ડીરેક્ટર શ્રી એમ. થેનારસનને પાઠવેલ રજૂઆત. (તા.૨૨-૯-૨૦૨૦)
- મુંદ્રા પોર્ટ ખાતે ડીપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ ઇન્ટેલીજન્સ દ્વારા એમ. વી. બાલવીના વેસલને તાત્કાલિક છોડવા અંગે ગુજરાત ઝોનના પ્રિન્સીપલ ચીફ કમિશ્નર ઓફ કસ્ટમ્સ તેમજ ભારત સરકારના શીપિંગ મંત્રાલયના સેક્રેટરી, મુંદ્રા કસ્ટમ્સ હાઉસના પ્રિન્સીપલ કમિશ્નર ઓફ કસ્ટમ્સ અને અમદાવાદ ઝોનલ યુનિટના ડાયરેક્ટર ઓફ રેવન્યુ ઇન્ટેલીજન્સને પાઠવેલ રજૂઆત. (તા.૨૨-૯-૨૦૨૦)
- ગુજરાતની નેચરલ ગેસ અંગેના ભાવોમાં ઘટાડો કરવા તેમજ પ્રાઇઝીંગ પોલીસીને રાજ્યમાં સરખા ધોરણે લાગુ પાડવા અંગે પેટ્રોલિયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડના ચેરમેન શ્રી દિનેશકુમાર શરાફ ને પાઠવેલ રજૂઆત. (તા.૨૩-૯-૨૦૨૦)
- ગુજરાત રાજ્યમાં આવેલ ઔદ્યોગિક એકમો માટે ફાયર NOC / લાયસન્સની સમય મર્યાદા પાંચ વર્ષની કરવા તેમને ફેક્ટરી એક્ટ અન્વયે લાયસન્સ ધરાવતા એકમોને ફાયર NOC લેવામાંથી મુક્તિ આપવા અંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી તેમજ શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રાને પાઠવેલ રજૂઆત. (તા.૨૪-૯-૨૦૨૦)
- વિવિધ વેપાર-ઉદ્યોગના ગ્રુપોમાં પોલીસ અને વેપારીઓ વચ્ચે ઝડપના વાયરલ વિડીયો અંગે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવને પાઠવેલ પત્ર. (તા.૨૮-૯-૨૦૨૦)
- ગુજરાત રાજ્યમાં આવેલ ઔદ્યોગિક એકમો માટે ફાયર NOC / લાયસન્સની સમય મર્યાદા પાંચ વર્ષની કરવા તેમને ફેક્ટરી એક્ટ અન્વયે લાયસન્સ ધરાવતા એકમોને ફાયર NOC લેવામાંથી મુક્તિ આપવા અંગે GCCIની રીજનલ કાઉન્સીલ વતી ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા તેમજ ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસ અને ઉદ્યોગ કમિશ્નરશ્રી ડો. રાહુલ ગુપ્તાને પાઠવેલ રજૂઆત. (તા.૨૯-૯-૨૦૨૦)
- ઇન્કમટેક્ષ એક્ટ-૧૯૬૧ ની કલમ-૨૦૬સી (૧એચ) અંતર્ગત ટેક્ષ કલેક્શન એટ સોર્સ (TCS) અંગે છુટછાટ અને સ્પષ્ટતા આપવા બાબતે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્ષીસ (CBDT)ના ચેરમેન શ્રી પ્રમોદચંદ્ર મોદીને પાઠવેલ રજૂઆત. (તા.૨૯-૯-૨૦૨૦)
- ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (CPCB) ને CEPI મોનીટરીંગ રીપોર્ટ સબમીટ કરવા અંગે ભારત સરકારના વન, પર્યાવરણ અને કલાયમેટ ચેન્જ મંત્રાલયના મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરજીને પાઠવેલ રજૂઆત. (૩૦-૯-૨૦૨૦)

## ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ

- કારોબારી સમિતિ દ્વારા જે સભ્યો કોઇ કારણસર ગઇ વખતે રીન્યુઅલ ફી ભરી શક્યા ન હોય તેમના માટે રૂા.૧/- નું ટોકન એનરોલમેન્ટ ફી લઇને તેમને નવા સભ્યો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગે GCCI દ્વારા પરિપત્ર કરી આવા સભ્યોને જાણ કરવામાં આવી હતી અને તેમના નવા મેમ્બરશીપના ફોર્મ લેવામાં આવી રહ્યા છે.
- તા. ૧૮-૯-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિમાં ADRC સેન્ટરમાં વરસાદને કારણે થયેલ નુકશાનને જોતાં રીપેરીંગ કામ અથવા સેન્ટરને અન્ય વૈકલ્પિક જગ્યાએ શીફ્ટ કરવા અંગે ચર્ચા થઇ હતી જેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને હાલ ચાલી રહી છે.

## ૨.૪ સ્ક્રુટિની સમિતિનો રીપોર્ટ :

- સ્ક્રુટિની સમિતિ દ્વારા નવા સભ્યો અંગે કુલ-૪૧ અરજીઓ આવી હતી જેમાંથી તમામ ૪૧ અરજીઓ મંજુર કરી કારોબારી સમિતિની મંજુરી માટે મુકવા ભલામણ કરવામાં આવે છે. સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના ફોર્મ અંગે કુલ-૧૬ અરજીઓ મળી હતી જેમાંથી ૧૫ અરજીને મંજુર કરવામાં આવી હતી અને ૧ અરજીને નિયમાનુસાર તપાસવા માટે પેન્ડીંગ રાખવામાં આવી છે.

**<u>૨.૫ ચેમ્બર દ્વારા આપવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન અને વીઝા લેટર્સની વિગત.</u>**

**<u>સર્ટીફીકેટ ઓફ ઓરીજીન :</u>**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૧૯<br>૩૯૪૨ | મે-૧૯<br>૩૯૮૧ | જુન-૧૯<br>૩૮૬૩ | જુલાઇ-૧૯<br>૩૫૫૨ | ઓગષ્ટ-૧૯<br>૩૮૩૫ | સપ્ટેમ્બર-૧૯<br>૩૨૬૬ | ઓક્ટોબર-૧૯<br>૩૬૧૮ |
| એપ્રિલ-૨૦<br>૩૬૫૪ | મે-૨૦<br>૩૮૦૭ | જુન-૨૦<br>૩૩૪૭ | જુલાઇ-૨૦<br>૩૭૯૬ | ઓગષ્ટ-૨૦<br>૨૦૧૯ | સપ્ટેમ્બર-૨૦<br>૩૪૧૬ | ઓક્ટોબર-૨૦ |
| નવેમ્બર-૧૯<br>૩૧૫૧ | ડિસેમ્બર-૧૯<br>૩૩૩૫ | જાન્યુઆરી-૨૦<br>૩૮૨૧ | ફેબ્રુઆરી-૨૦<br>૩૬૯૫ | માર્ચ-૨૦<br>૩૯૦૫ | કુલ-૨૦૧૯-૨૦<br>૪૩૯૬૪ | |
| નવેમ્બર-૨૦ | ડિસેમ્બર-૨૦ | જાન્યુઆરી-૨૧ | ફેબ્રુઆરી-૨૧ | માર્ચ-૨૧ | કુલ-૨૦૨૦-૨૧<br>૨૦૦૩૯ | |

**<u>૨.૬</u>**

- ચેમ્બર દ્વારા વર્ષ-૨૦૨૦-૨૧ માટે નવા કો-ઓપ્ટ અને આમંત્રિત (ઇન્વાયટી) અને સ્પેશિયલ ઇન્વાયટી સભ્યો તેમજ નવી રચાયેલ વિવિધ કમિટિઓ અને ટાસ્ક ફોર્સની વિગત - આની જાણ મિટિંગ દરમ્યાન કરવામાં આવશે.

**<u>૨.૭</u>**

- ચેમ્બર દ્વારા રચાયેલ થીંક ટેંક વિષે માહિતી - આની જાણ મિટિંગ દરમ્યાન કરવામાં આવશે.

**<u>૨.૮</u>**

- GCCIના નામ તેમજ લોગોની પોલીસી અને વોટ્સ-એપ ગ્રુપની પોલીસી અંગે ચર્ચા

**<u>આઇટેમ નં. ૩ (કમિટિ અને સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)</u>**

**<u>૩. ૧ (સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)</u>**

નં. ૧ નવી ટુરીઝમ પોલીસી અંગે વિડીયો કોન્ફરન્સ થી યોજવામાં આવેલ સ્ટેક હોલ્ડર્સની મિટિંગમાં કારોબારી સમિતિના સભ્ય શ્રી સંજીવ છાજરની ઉપસ્થિતિ. (તા. ૨૩-૯-૨૦૨૦)

નં. ૨ Student Startup and Innovation Policy (SSIP) ની આંઠમી પોલીસી ઇમ્પ્લીમેન્ટેશન કમિટિની મિટિંગમાં GCCIના માનદ્-મંત્રી શ્રી પથિકભાઇ પટવારીની ઉપસ્થિતિ. (તા.૩-૧૦-૨૦૨૦)

**<u>આઇટેમ નં. ૪</u>**

- i-HUB સાથે GCCIના MOU બાબતે ચર્ચા (એનેક્ષર-એ મુજબ) (પાના નં. ૧૨).

**<u>આઇટેમ નં. ૫</u>**

- તા.૭-૧૦-૨૦૨૦ સુધીની સમય મર્યાદામાં સભ્યો તરફથી મળેલ વેપાર-ઉદ્યોગને લગતા સૂચનો અંગે ચર્ચા-વિચારણા

**<u>આઇટેમ નં. ૬</u>**

**<u>પ્રમુખ સ્થાનેથી</u>**

(૧)

(૨)

રાષ્ટ્ર ગીત

**એનેક્ષર-એ**

*i*-Hub
(A Gujarat Government Enterprise)

GCCI

**MEMORANDUM OF UNDERSTANDING (MoU)**

**BETWEEN**

**GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY (GCCI)**

**AND**

**GUJARAT STUDENT STARTUP AND INNOVATION HUB (*i*-Hub)**

**This Memorandum of Understanding (MoU) is executed on __________ 2020**

**Between**

GCCI is registered as a Society under the Society Registration Act, 1860, having its registered office Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380009, India. (Hereinafter referred to as the party of the **First Part / "GCCI"**).

**And**

Gujarat Student Startup and Innovation Hub (*i*-Hub), Ahmedabad, is a company under Section 8 of the Companies Act 2013, having its registered office at Pragna Puram, KCG Campus, Opp. PRL, Nr. L D College of Engineering, Navrangpura, Ahmedabad – 380015 (Hereinafter referred to as the party of **Second Part/ "*i*-HUB"**).

**PREAMBLE**

WHEREAS The Gujarat Chamber of Commerce & Industry (GCCI) works to create and sustain an environment conducive to the growth of industry and trade in Gujarat, partnering both of them through advisory processes.

WHEREAS *i*-HUB is envisioned to be a nexus for all startup stakeholders to develop an end-to-end innovation and entrepreneurial ecosystem in the State of Gujarat by creating pathways from "Mind-to-Market". *i*-HUB is a vibrant incubation setup established under Student Startup Innovation Policy (SSIP) by the Education Department, Government of Gujarat.

WHEREAS GCCI and *i*-HUB are desirous of entering into this MoU to explore opportunities for engaging with innovators and startups for solutions to industry problems.

**1. COORDINATION OF THE PROGRAMME**

The activity under this MoU between GCCI and *i*-Hub shall be coordinated by the representative of GCCI and the CEO of *i*-Hub.

**2. DELIVERABLES OF BOTH THE PARTIES**

**Deliverables by *i*-Hub**

- Envisage and execute a roadmap on how industry chambers in India can co-create a startup and innovation ecosystem involving academia, incubators and public systems.
- Create pool of start-ups across sectors and region in Gujarat which are having minimum viable product ready so that they can be linked with various industries for mentorship and allied support
- Create an interface between start-ups and GCCI for furthering the innovations in the journey of the mind to market.
- *i*-Hub will organise angel investment and similar workshops involving industry members of GCCI who can support the startups in a systematic manner.
- Incubate good startups being mentored by GCCI industry members and extend necessary support
- Periodically Share the progress of startups and further needs so that suitable industry members can add further value.
- Showcase successful start-ups across various platforms and programmes at GCCI so that industry & startups can interact
- Leadership at *i*-Hub will periodically interact with GCCI top leadership to develop various flagship efforts aiming to support innovators and startups across the value chain.
- Run joint Bootcamps and master classes involving industry and startups
- Give seed funding to suitable startups and help to see that larger industry and young startups jointly create value.

- Run special flagship efforts to build the capacity of industry representatives so that they can actively contribute towards local ecosystem development

**Deliverables by GCCI**

- Create a mentor pool of industry mentors and engage them in guiding the start-ups in Gujarat
- Co-create a systematic process where GCCI can connect potential startups to interested industries for guidance or strategic collaborations
- Create a resource pool through available resource, networks, and platforms of member industries which can be made available to young startups which will accelerate the startups
- Work closely with *i*-Hub to see that industry in Gujarat actively participate in developing local startup ecosystem
- Host joint programmes, events with *i*-Hub to give exposure to the startups and allied stakeholders
- Aim to turn few active industry persons as angel investors to invest in startups in case there is a synergy between industry and startups facilitated by *i*-Hub and GCCI
- Help the startups in national and global collaboration
- Invite good startups from Gujarat to periodically interact with GCCI leadership, interested industries and give them access to various GCCI networks
- Link startups in a different region of Gujarat through other partner chambers of the commerce of GCCI and industry bodies.

**3. EFFECTIVE DATE AND DURATION OF MoU**

- This MoU shall be effective from the date of its execution by authorized persons of both parties.
- The duration of the MoU shall be for a period of three years from the effective date.
- Any clause or article of the MoU may be modified or amended by mutual agreement of GCCI and *i*-Hub, to be recorded in writing and duly executed by authorized persons of both parties.

**4. ASSIGNMENT**

It is understood by the parties herein that this MoU is based on the professional competence and expertise of each party and hence neither Party shall transfer or assign this MoU, or rights or obligations arising hereunder, either wholly or in part, to any third party, without the written consent of the other party.

5. **DISPUTE RESOLUTION**

Parties shall make best efforts to resolve any dispute arising out of this MoU amicably by mutual consultation.

6. **CONFIDENTIALITY**

The existence and terms of this MoU and the fact that discussions may be ongoing between the parties hereto regarding the engagement and activities contemplated herein shall be kept confidential by the parties and shall not be disclosed to any person, other than disclosure to their and their respective directors, officers, employees, advisors, or other representatives on a need to know basis (provided these persons are bound by obligations of confidentiality with respect to such information), except with the prior written consent of the other party or where disclosure is required by applicable laws.

7. **TERMINATION**

During the tenure of the MoU, if either party commits a breach of this MoU, the party not in default shall instruct, through a written notice, the defaulting party to rectify the breach committed within a period of 30 days from the date of the written notice.

If the defaulting party fails to rectify the above-mentioned breach within the stipulated time of 30 days, the party not in fault can terminate this MoU forthwith by written notice.

During its tenancy, the MoU may be extended or terminated by a prior notice of not less than 90 days by either party.

8. **NOTICES**

Any notice or other communication under or in connection with this MoU shall be in writing in the English language and shall be delivered personally or sent by registered post or courier, to the party due to receive the notice or communication at its registered office address set out in this MoU or such other address as either party may specify by notice in writing to the other. It is expressly understood that notices by email mode are not acceptable to GCCI.

9. **NO BENEFITS**

No benefit, either in cash or kind, has been provided by any party or any of its respective agents to any officer or employee, or any relative / associate of any officer or employee of the other parties or of any of its associate companies, in

order to procure this MoU. Each party further undertakes that it shall not provide any benefit, either in cash or kind, to any such officer / employee / relative / associate as reward or consideration either for retaining this MoU or for any other matter relating to this MoU.

**SIGNATURE PAGE TO MEMORANDUM OF UNDERSTANDING DATED ________BETWEEN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY and GUJARAT STUDENT STARTUP AND INNOVATION HUB**

**EXECUTED ON THE DATE ABOVE WRITTEN:**

| | |
|---|---|
| FIRST PARTY,<br>**FOR – GCCI** | SECOND PARTY,<br>**FOR – *i*-HUB** |
| | Shri Hiranmay Mahanta<br>CEO |
| Witness | Witness |